# જિલ્લામાં રિકવરી અને ડેથ રેટ વધુ નોંધાયો

## જિલ્લામાં સારવાર દરમ્યાન મૃત્યુદરની ટકાવારીમાં વૃદ્ધિ ચિંતાજનક : તંત્રએ કેસોને લઈ મેપીંગની કામગીરી હાથ ધરી : સઘન સર્વેલન્સ પણ હાથ ધરાયુ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ડિસ્ચાર્જ કરાયેલ દર્દીઓની સંખ્યા ૨૬ થવા જાય છે જે આજ સુધી એક દિવસમાં ડિસ્ચાર્જ કરાયેલા દર્દીઓમાં એક વિક્રમજનક છે.

જિલ્લામાં આજે ૨૬ દર્દીને ડિસ્ચાર્જ કરાયા છે તેમાં ૧૫ ગ્રામ્ય વિસ્તારના છે તો ૧૧ શહેરી વિસ્તારના છે.

જિલ્લામાં જો કે જે રીતે મૃત્યુ દર વધી રહ્યો છે તે તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સારવાર દરમ્યાન ૨૫ દર્દીઓના મોત થયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના ૨૧ અને મનપા વિસ્તારના ૪ દર્દીનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારના નોંધાયેલા દર્દીઓમાંથી ૮ ટકા જેટલા દર્દીઓના સારવાર દરમ્યાન મોત થયા છે જે રાજ્યની સરેરાશ મૃત્યુની ટકાવારી કરતાં પણ વધુ છે.

ગ્રામીણ વિસ્તારમાં નોંધાતા કેસોને પગલે તંત્રએ હવે દર્દીઓ અને કેસોનું મેપીંગ કરવાની કામગીરી હાથ ધરી છે. આ ઉપરાંત તંત્રને વધુ સતર્ક રહી સઘન સર્વેલન્સ કરવાની સાથે સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન ખુબજ કડકાઈ સાથે કરવામાં આવે તેવી વ્યુહરચના તૈયાર કરી છે.

ગાંધીનગર જિલ્લાના આરોગ્યતંત્રનું માનીએ તો ૩૦થી વધુ દર્દીઓ અહિ આવી અને ખોટુ એડ્રેસ ગ્રામીણ વિસ્તારમાં બતાવી સારવાર માટે દાખલ થયા છે. આ અંગે રાજ્ય સરકારનું ધ્યાન દોરવામાં આવ્યુ છે. તંત્રએ હદ વિવાદનો આ મુદ્દો પહેલીવાર છેડ્યો નથી. તંત્ર ગ્રામીણ વિસ્તારમાં સઘન સર્વેલન્સ માટે વધુ આગ્રહી બન્યુ છે.

જો કે જિલ્લામાં જે કેસો નોંધાયા છે તે લોકલ ટ્રાન્સમિશનના વધુ છે એટલે કોમ્યુનીટી ટ્રાન્સમિશનનો આડકતરો ઈન્કાર કરે છે. જિલ્લામાં વધતા જતા કેસો એ ચિંતાજનક છે તેવો આડકતરો એકરાર પણ તંત્ર કરી રહ્યુ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ઉપરાંત ત્રણ અન્ય હોસ્પિટલોને કોવિડ-૧૯ માટે ડેઝીગ્નેટેડ કરાઈ છે. તંત્ર પાસે પુરતો મેડીકલ સ્ટાફ પણ ઉપલબ્ધ નહિ હોવાનું જાણવા મળેલ છે.

તંત્રએ હવે દર્દીઓની સંખ્યા વધતાં સિવિલ હોસ્પિટલ ખાતે ખાસ હેલ્થ ડેસ્કની સુવિધાનો પણ આરંભ કર્યો છે.

તંત્ર દ્વારા જિલ્લામાં લોકોની રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે આયુષની ગાઈડલાઈનનો પણ સઘન રીતે પ્રચાર-પ્રસાર કરવાની વ્યુહરચના સાથે છ ધન્વતરી રથ પણ જિલ્લામાં ફરવા લાગ્યા છે. આ ધન્વતરી રથને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

## ગાંધીનગર ગુજરાતમાં, ગુજરાત દેશમાં અને દેશ વિશ્વમાં ચોથા સ્થાને

**કોરોનાનો વેગ અને વ્યાપ વિકરાળ સ્વરૂપ લઈ રહ્યો છે ત્યારે વિચારો અને વ્યવહારો સંયમિત કરી લડત આપવી પડશે**

કોરોનાનો વ્યાપ આપણા શહેરથી લઈ વિશ્વસ્તરે વિકરાળ સ્વરૂપે વિકસી રહ્યો છે. ગાંધીનગર ગુજરાતમાં ચોથા સ્થાને છે. ગુજરાત ભારતમાં ચોથા સ્થાને છે અને ભારત વિશ્વમાં ચોથા સ્થાને છે. આ સંયોગ ચોક્કસ છે, પણ આઘાતજનક છે. સરકાર પણ સંકટમાં છે અને સમાજ પણ સંકટમાં છે. એક તરફ ભય છે તો બીજી તરફ આજીવિકા છે. માનવજાતના ઈતિહાસમાં પ્રથમ વખત

### કોરોનાની કકળાટ કથા...

આ પ્રકારની વિકરાળ ઘટના અનુભવાઈ રહી છે. અંત નિશ્ચિત નથી. ભવિષ્ય જો અને તો ઉપર છે. કોઈ તજજ્ઞો કહે છે કે વાયરસ ઓગષ્ટમાં ધીમો પડશે તો કોઈ કહે છે સપ્ટેમ્બરમાં ધીમો પડશે. જ્યોતિષિઓ ભોઠા પડ્યા છે. મહાસત્તાઓ વામણી પુરવાર થઈ છે અને વિશ્વ પર જાણે અંધારૂ ઉતરી પડ્યું હોય તેવો અહેસાસ થાય છે. ખેર, આપણે વિશ્વની વાત છોડીએ. આપણે તો માત્ર આપણા શહેર અને રાજ્યની કરીએ એ જ આપણું કર્તવ્ય છે.

કોરોના વાયરસથી સંક્રમિતોની સંખ્યા સરકાર કુશળતાપૂર્વક જાહેર કરે છે. દૈનિક બસો-અઢીસોનો આંકડો પાંચસોને પાર પહોંચ્યો છે અને પ્રજાને પચતો જાય છે. જનસમાજમાં પણ વધતા આંકડાને સહજતાથી સ્વીકારાઈ રહ્યો છે. સમાજનો સાંઈઠ ટકા વર્ગ ભય વચ્ચે જીવે છે. જ્યારે વીસ ટકા બિન્દાસ્ત અને વીસ ટકા અવઢવમાં છે. જીવન જીવવાનું પણ છે અન તે પણ કોરોનાના સંક્રમણની વચ્ચે. આ નક્કર વાસ્તવિકતા છે. સરકાર ફરી લોકડાઉન કરવાની તરફેણમાં નથી એવા સ્પષ્ટ સંકેતો છે. સમાજે આજીવિકા માટે સતત કાર્યરત રહેવુ પડશે એ સ્પષ્ટ વાત છે. અને આ બધાની વચ્ચે

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૫ કેસ

## પેથાપુરના યુવાનનું સારવાર દરમ્યાન મોત : ગાંધીનગર તાલુકામાંથી 3 કેસ અને કલોલમાંથી બે કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ પાંચ કેસ કોરોના પોઝીટીવ મળી આવ્યા છે. આ ઉપરાંત સારવાર દરમ્યાન પેથાપુરના એક દર્દીનું અવસાન થયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી અત્યાર સુધીમાં ૨૧ દર્દીના સારવાર દરમ્યાન મોત નીપજ્યા છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૭, દહેગામના ૫, કલોલના ૮ અને માણસાના એક દર્દીનો સમાવેશ થાય છે.

ગઈકાલે સાંજે પેથાપુરના નિલકંઠ વીલામાંથી નોંધાયેલ એક પુરૂષ દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ હતુ. જિલ્લામાં હાલ ૧૨,૪૪૪ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું તંત્રએ જણાવ્યુ છે. જિલ્લામાં ૩૨૦૨ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં નોંધાયેલા કેસોમાં મૃત્યુદર વધ્યો છે. આ મત્યુદર ૮ ટકા જેટલો થયો છે જે રાજ્યની સરેરાશ કરતાં પણ વધારે હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે પાંચ કેસ આજે નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૩ અને કલોલના બે કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકામાં ઝુંડાલ, ભાટ અને ભોંયણ રાઠોડ ગામ ખાતેથી કેસ મળી આવ્યા છે. તંત્ર દ્વારા આ મળેલા કેસોને લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઝુંડાલ ખાતેથી મળેલ દર્દી જુનિ. ફાર્માસીસ્ટ તરીકે સેવારત છે અને અમદાવાદ ખાતે ફરજો બજાવે છે. તંત્રએ આ ફાર્માસીસ્ટના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ભાટ ગામેથી એક ૯૪ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ વૃદ્ધાની દેખભાળ માટે ખાસ બે નર્સ પણ રાખવામાં આવી હતી અને તેમને બી.પી.ની બિમારી હોવાનું જાણવા મળેલ છે.

તંત્રએ આ વૃદ્ધાની દેખભાળ કરતી બે નર્સ તેમજ પરિવારના સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

આ ઉપરાંત ભોંયણ રાઠોડ ગામેથી એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે આ યુવાન શાકભાજીના ધંધા સાથે સંકળાયેલ છે અને અવારનવાર કલોલ પણ મુલાકાતે જતો હતો.

આ ઉપરાંત કલોલ અર્બન-૧ના વિસ્તારમાંથી પણ આજે બે દર્દીઓ કોરોનાના મળી આવ્યા છે. આ બન્ને દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ સઘન સર્વેલન્સની કામગીરીના આદેશો આપ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ રોજેરોજ નવા પોકેટોમાંથી કેસો મળતાં તંત્ર સતર્ક બન્યુ છે. જો કે મોટાભાગના કેસો લોકલ ટ્રાન્સમિશનના જ હોવાનું તંત્ર માની રહ્યું છે.

## શહેરમાં વધુ ૨ કેસ નોંધાયા

**સારવાર દરમ્યાન સે. ૨૮ ના વૃદ્ધનું અવસાન : વધુ ૧૧ દર્દીને ડિસ્ચાર્જ કરાયા**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ બે કેસ મળી આવ્યા છે આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૫૧ પર પહોંચી છે. સારવાર દરમ્યાન એક વૃદ્ધનું મોત પણ થયુ છે.

આજે સે. ૨૬ કિસાનનગરમાંથી અને સેક્ટર-૫-બી માંથી આ કેસો મળ્યા છે. આ બન્ને પુરૂષ દર્દી છે અને તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૫-બી માં રહેતા એક ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેઓ ટેક્ષી ડ્રાયવર તરીકે સેવાઓ આપે છે. આ દર્દીના પરિવારના ૧૦ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે તેમજ તેના રહેઠાણની આસપાસના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોનમાં મુકી સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત સે. ૨૬ કિસાનનગરમાંથી આજે પાર્લરનો ધંધો કરતા એક ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તેમને તંત્ર દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારના ૮ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. તંત્રએ આ દર્દીના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી અને સર્વેલન્સ સઘન બનાવ્યુ છે.

નવા જ વિસ્તારોમાંથી આ કેસો મળતાં તંત્ર સતર્ક બની ગયુ છે અને તંત્રએ સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે સારવાર દરમ્યાન સે. ૨૮માં પેરાલીસીસની સારવાર માટે આવેલ વૃદ્ધનું અવસાન થયુ છે. આ સાથે શહેરમાં મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૪ થઈ છે. જેમાં બે મહિલા દર્દી અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૧૧ જેટલા દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. હાલ ૨૯ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં ૪૦૧ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

# શહેરમાં અસહ્ય બફારાનો માહોલ

## સતત વાદળછાયુ વાતાવરણ અને પવનની ગેરહાજરીને કારણે શહેરીજનો ઉકળાટથી ત્રસ્ત : તડકા વગર પણ પરસેવે રેબઝેબ થતાં નાગરિકો : વરસાદની હાથતાળી સાથે તાપમાન ૩૮ ડિગ્રી સે. અને મહત્તમ ભેજનું પ્રમાણ ૭૩ ટકા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં બુધવારની રાત્રે વરસેલા વરસાદી ઝાપટાં પછી આકાશમાં સતત વાદળો ગોરંભાયેલા જોવા મળી રહ્યાં છે અને સમગ્ર દિવસ દરમ્યાન અસહ્ય બફારાનો માહોલ અનુભવાયો હતો. વાતાવરણમાં આજે સવારે ભેજનું પ્રમાણ ૭૩ ટકા જેટલુ નોંધાયુ હતુ જે સાંજે ૪૪ ટકા જેટલુ રહેવા પામ્યુ હતુ અને તે સાથે તાપમાન મહત્તમ ૩૮ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સે. નોંધાયુ હતુ. જ્યારે વરસાદ હાથતાળી દઈને છટકી ગયો હોવાનુ અનુભવાઈ રહ્યું છે.

આજે સવારથી જ શહેરમાં પવનની ગેરહાજરી વર્તાતી હતી જેના કારણે નાગરિકોને અસહ્ય ઉકળાટ તથા બફારો અનુભવાયો હતો અને તડકા વગર પણ નાગરિકો વારંવાર પરસેવે રેબઝેબ થતાં જોવા મળ્યાં હતા. બે દિવસ અગાઉ મોડી સાંજે શરૂ થયેલી વરસાદી રમઝટ રાત્રે મોડે સુધી ચાલી હતી જેના કારણે ઠંડકનો માહોલ છવાયો હતો અને નાગરિકોને ચોમાસુ બેસી ગયુ હોવાનું પ્રતિત થઈ રહ્યુ હતુ પરંતુ ગુરૂવારે શહેરીજનોની આ આશા ઠગારી નીવડી હતી. સતત બે દિવસથી આકાશમાં ઘેરાયેલા

● અનુસંધાન પાન-૭ પર

### માસ્ક પહેરવા અઘરાં પડ્યા..!!

શહેરીજનોને એક તરફ શહેરમાં કોરોના વાયરસ મહામારીને પગલે ફરજિયાત માસ્ક પહેરવો પડી રહ્યો છે જ્યારે બીજી તરફ ચોમાસુ બેસતા પહેલા સર્જાયેલા બફારાના વાતાવરણને કારણે નાગરિકોને માસ્ક સાથે શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે તેમજ માસ્કના કારણે મ્હોં પર પરસેવો વધુ થતાં વારંવાર માસ્ક હટાવી તેને લુંછવો પડી રહ્યો છે. આ વાતાવરણમાં શહેરીજનોને માસ્ક પહેરવો ખૂબ અઘરો પડી રહ્યો છે. ખાસ કરીને દમ અને શ્વાસની તકલીફ ધરાવતા નાગરિકોની હાલત કફોડી બની રહી છે.

# જિમના સાધનો અંગેનું ટેન્ડર સ્થાયી સમિતિએ રદ કર્યુ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં રમતના સાધનો અંગેનું ટેન્ડર જે અંદાજિત કિંમત કરતાં ૪૧ ટકા નીચે આવ્યુ હતુ તે રદ કરવાનો નિર્ણય કર્યો છે.

સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે આજે મળેલી બેઠકમાં બાસણ ગામે સ્મશાનમાં રૂ. ૨૮.૬૨ લાખના ખર્ચે કમ્પાઉન્ડ વોલ બનાવવાના નિર્ણયને બહાલી આપી હતી.

ગાંધીનગરના પૂર્વ-પશ્ચિમ વિભાગના મુખ્ય માર્ગો પરથી કચરો ઉપાડવા તથા સફાઈના કામ માટે એજન્સીની પસંદગીનો મુદ્દો આજની બેઠકમાં મુલ્તવી રાખવામાં આવ્યો હતો. આ એજન્સીની પસંદગી અંગે સભ્યોમાં જ અંદરોઅંદર વિરોધના સૂર ઉઠ્યા હતા.

મનપામાં મેન પાવર સેવાઓ પુરી પાડતી એજન્સીની પસંદગીને આજે આખરે વિવાદોને અંતે બહાલી આપવામાં આવી છે. સ્થાયી સમિતિની બેઠકમાં આજે કોરોના અંગે પણ કેટલીક ચર્ચાઓ થઈ હતી. જો કે તંત્ર દ્વારા સેમ્પલીંગ અને સર્વેલન્સની સઘન કામગીરી ચાલી રહી હોવાની સભ્યોને હૈયાધારણ આપવામાં આવી હતી.

મનપાની આજની આ બેઠકમાં અગાઉ મુલ્તવી રાખવામાં આવેલ કામ જે ડમ્પીંગ સાઈટને લગતુ હતુ તેને લઈ તંત્રએ કરેલી સ્પષ્ટતાઓને અંતે બહાલી આપવામાં આવી હતી.

આજની બેઠક પણ ૩૦ મિનિટમાં જ પૂર્ણ થઈ જવા પામી હતી.

### સતત ચોથી બેઠકમાં કમિશનર હાજર ના રહ્યા

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની સતત ચોથી બેઠકમાં મ્યુનિ. કમિશનરે હાજર રહેવાનુ ટાળ્યુ હતુ.

આજની બેઠકમાં પણ નાયબ મ્યુનિ. કમિશનરને જ સત્તાઓ સાથે મોકલવામાં આવ્યા હતા. જો કે સભ્યોમાં પણ આ બાબતને લઈ આજે ગણગણાટ સાંભળવા મળ્યો હતો.

કમિશનરશ્રી અને ચૂંટાયેલી પાંખ વચ્ચે ચાલતા મતભેદોને પગલે તેમણે હવે સ્થાયી સમિતિની બેઠકથી અળગા રહેવા માટેનુ મન બનાવી લીધુ હોવાનું મનાઈ રહ્યું છે.

જો કે કમિશનરશ્રીની સતત ચાર બેઠકોમાં ગેરહાજરીએ રાજકીય વર્તુળોમાં પણ ચર્ચાનું સ્થાન લીધુ છે.


## શ્રદ્ધાંજલિ



**સ્વ. ઉમરશા મહમદશા દિવાન**
સ્વ. તા. ૧૦/૬/૨૦૨૦
વાવોલ, કુબેરનગર, તા.જી. ગાંધીનગર

સારા કર્મોની સુગંધ સદાય રહેશે, દેહ ભલે જન્નતનશીન થાઓ પણ તમારી યાદ હંમેશા અમારી સાથે રહેશે.

- વાવોલ કસ્બાની મસ્જીદના પરિસરને આપની સદાયની સેવાભાવી હાજરીની ખોટ રહેશે.
- વાવોલ દરગાહ શરીફના પરિસરને આપની સદાયની સેવાભાવી હાજરીની ખોટ રહેશે.
- વાવોલ કસ્બા મસ્જીદ મદ્રેશા ટ્રસ્ટને આપની ગેરહાજરીની ખોટ રહેશે.
- વાવોલ પંચાયતને આપના સદાય સેવાભાવી હાજરીની ખોટ રહેશે.
- આપનું સદાયનું નિવાસસ્થાન કુબેરનગર વાવોલ હંમેશા આપના સેવા કાર્યોને યાદ રાખશે.

આપના પરિવાર ઉપર આવી પડેલ દુ:ખ સહન કરવાની શક્તિ પરમાત્મા આપે તેવી દુઆ છે.
આપ જન્નતનશીન ફરમાઓ તેવી અમારી દુઆ છે.

લિ.
મહંમદભાઈ આર. શેખ - પ્રમુખ
ગુલામ મહંમદ કે. શેખ ટ્રસ્ટી
અબ્દુલભાઈ એ. શેખ ટ્રસ્ટી
વાવોલ કસ્બાની મસ્જીદ ટ્રસ્ટ, વાવોલ, તા.જી. ગાંધીનગર
મો. ૯૯૦૪૪૪૧૯૨૨
શેર મહંમદ ફકીરમહંમદ શેખ
મહેબુબભાઈ ફકીરમહંમદ શેખ
સમગ્ર વાવોલ મુસ્લીમ સમાજ, વાવોલ


**કોર્પોરેશનના આડેધડ ખોદકામ બાદ**

# શહેરની ફુટપાથ માથે પણ મોટામસ ગાબડા

**સ્ટોર્મ વોટર લાઇન માટે કરવામાં આવેલા ખોદકામના અંતે વરસાદી દિવસોમાં માટી પોલાણ થવાથી ફુટપાથ પણ જમીનમાં ઘુસી : કેટલાક ઠેકાણે ભયજનક ગાબડા**



ગાંધીનગર તા ૧૨

શહેરમાં કાર્પોરેશને માર્ગો વચાળે મોટામસ ખાડા ખોદવાની સાથે કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથને પણ ઘમરોળી નાંખી છે. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી અન્વયે હાથ ધરાયેલા ખોદકામ દરમિયાન નગરના માર્ગો તેમજ ફુટપાથ પર મોટા ગાબડા કરી મુકયા છે. જેના લીધે હાલ આમ નાગરિકો માટે ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે. વરસાદી દિવસો દરમિયાન આ સ્થિતિ વધુ જોખમી બની રહી છે.

શહેરમાં ફુટપાથ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. પરંતુ ફુટપાથની જાળવણીના અભાવે હાલ શહેરના મુખ્યમાર્ગો

● અનુસંધાન પાન-૭ પર

**શાળાઓમાં પ્રવેશ પ્રક્રીયાના મામલે**

# શાળા સંચાલકો- વાલીઓમાં અનેક મુંઝવણ સરકારની કોઈ ગાઈડલાઈન પણ નથી

**વાલીઓએ ફી ભરવી, કેટલી ભરવી, શાળાઓ ક્યારે શરૂ થશે સહીતની બાબતો સહીત અનેક પ્રશ્નો : શાળા સંચાલકો, આચાર્યો માટે પણ મોટી મુંઝવણનો વિષય**

ગાંધીનગર તા ૧૨

શહેરની શાળાઓમાં કોરાના કાળ દરમિયાન વાલીઓ અને શાળા સંચાલકો વચ્ચે શાબ્દિક સંઘર્ષની સ્થિતિ જોવા મળી રહી છે. એકબાજુ કોરોના દરમિયાન શાળાઓએ કઈ નીતી અપનાવવી વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવી કે કેમ પ્રવેશ આપવો કે કેમ સહીતની બાબતો પણ પ્રશ્ન સ્વરૂપે સતત ચર્ચાનો વિષય બની રહી છે. પરિણામ બાદ વિદ્યાર્થીઓના શાળા પ્રવેશ સમયે જ નગરના શૈક્ષણિક સંકુલોમાં ભારોભાર અવ્યવસ્થા ઉભી થઈ છે. સરકારે પણ વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશ કે ફી વસુલનના મામલે કોઈ સુચના જારી કરી નથી જેના લીધે શાળા સંચાલકો અને વાલીઓ મુંઝવણમાં મુકાયા છે. એકબાજુ શાળા સંચાલકો એવો દાવો કરે છે કે વાલીઓ પાસેથી એકસાથે ફી વસુલવા માટે દબાણ કરાતુ નથી જયારે એકાદ મહીનાની કે જે વ્યવસ્થા હોય તે મુજબ ફી જમા કરાવી શકે તે મુજબ છુટછાટ પણ આપવામાં આવી છે. બીજીતરફ વાલીઓ કોરોનાના કહેર વચ્ચે શાળાઓ ક્યારે ખુલશે તેમજ શાળાઓ ખુલે તો પણ પોતાના પાલ્યની સલામતીનુ શુ જેવા કારણોસર શાળામાં ફી ભરવાનુ ટાળે છે. તો કેટલાક વાલીઓ કોરોનાની મહામારી વચ્ચે વિદ્યાર્થીઓને હજુ લાંબા સમય સુધી શાળાઓ શરૂ થાય તો પણ સ્કુલે મોકલવાના મુડમાં નથી. જયારે ત્યારે શાળા સંચાલકો પણ આ મામલે સરકારે કોઈ લેખિત ગાઈડલાઈન બહાર ન પાડી હોવાનો રોષ ઠાલવી રહ્યા છે. શાળાઓ વિદ્યાર્થીઓને પરિણામ આપ્યા બાદ ઓનલાઈન શિક્ષણ સાથે નવા શૈક્ષણિસ સત્રના પ્રારંભ કરવાના મુડમાં છે. પરંતુ નગરની મોટાભાગની શાળાઓમાં

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com